ॐ

અદ્ભુત રત્ન

અર્થાત

ઘી, દુધની ન્યુનતાનું કારણ

અને

તેની વૃદ્ધિનો ઉપાય.

ભારતીય મનુષ્યોના હિતાર્થે

લાહોર નિવાસી સ્વામી બાલકૃષ્ણદાસજી

એ નિર્માણ કરી

કરાચી ઇન્ડિયન મરચન્ટ્સ એસોસિએશન તરફની

આર્થિક સહાયતાથી પ્રકાશિત કર્યું.

પ્રતિ ૧૦૦૦ સન ૧૯૧૮

કરાંચી, બંદર રોડ પર આવેલા મનોહર પ્રેસમાં

નરભેશંકર જગજીવન દવેએ છાપ્યું



નિવેદન.

સર્વ સજ્જનોને વિદિત કરવાનું કે આ પુસ્તક પ્રથમ નાગરી ભાષામાં છપાવેલ હતું. ગુજરાતી જાણનાર વર્ગમાં તેનો પ્રચાર કરવા અર્થે ગુજરાતી ભાષામાં તેનું ભાષાંતર કરાવી પ્રકાશ કરવામાં આવે છે. આ પુસ્તકનો તરજુમો **શ્રી** બંધુ મંડળ કરાચીના સભાસદોએ પ્રેમપુર્વક કરી આપ્યો છે. હું આશા રાખું છું કે આપ આ પુસ્તકનું યથાર્થ નિરીક્ષણ કરી તેના હેતુઓને સફલ કરવા તન, મન, ધનથી પ્રયત્ન કરશો તો લેખક પોતાના પરિશ્રમનું યોગ્ય ફલ મળ્યું સમજશે.

કરાચી,
તા. ૧૦-૧૧-૧૯૧૪.

સ્વામી બાલકૃષ્ણદાસ.

|| ૐ ||

શ્રી રામકૃષ્ણાભ્યામ નમઃ

અદ્‌ભુત રત્ન.

અર્થાત્

દુધ, ઘીની ન્યુનતાનું કારણ અને તેની વૃદ્ધિનો ઉપાય.

પુર્વાર્ધ.

મનુષ્ય માત્રની એ અંતિમ ઇચ્છા હોય છે કે ત્હેમની ધારણા ફોક ના થાય. આ ધારણાઓ મુખ્યત્વે કરીને લૌકિક અથવા પારલૌકિક સુખો મેળવવા અર્થેજ ઉત્પન્ન થઇ હોય છે. આ સુખો કેવલ વિદ્યા, બુદ્ધિ તથા જ્ઞાનપર ઉદ્ધૃત હોય છે. તે ત્રણ વડેજ સુખોની સિદ્ધિ સમીપ જઇ શકાય છે. માનસ-જીવનને પ્રકાશવાળું બનાવતી એતદ્ ત્રણ જ્યોતિઓનું પણ જન્મસ્થાન એથી પર કોઇક દીવ્ય છે. બુદ્ધિ, વિદ્યા અને જ્ઞાનની બળાબળતા મસ્તિષ્ક શક્તિના બંધારણ (constitution) પર નિર્ભર છે.

"જ્હેવો આહાર ત્હેવો ઓડકાર" એ ઘરગથ્થુ કહેવત સામાન્ય કથની કરતાં કંઈક વિશેષ સત્ય છે. ભિન્ન

ભિન્ન આહારો પર રહેતા મનુષ્યોની લાક્ષણિક રીતભાત તપાસતાં એ અર્થને અનુરૂપજ સર્વ ક્રિયાઓ થતી હોય એમ દૃષ્ટિગત થાય છે. એટલે આપણે એ સિદ્ધાંત બાંધી શકીએ કે મસ્તિષ્ક શક્તિની શુદ્ધાશુદ્ધતાનો આધાર આહાર પર છે.

ઘી અને દુધ એ સાત્વિક આહાર છે હેમ તો, વૈજ્ઞાનીકો પણ સ્વિકારે છે. તે વિષયને વધારે છણુવો એ સ્થળાવકાશ બહાર હોઈ અમે અહીં આટલેથીજ પતાવી આગળ વધીએ છીએ.

ઘી અને દુધનો આપણે બહોળો ઉપયોગ કરીએ છીએ. આપણા અને આપણા બાળકોના હાથમાં જતી મીઠાઈઓ એ ઘી દુધાદિમાંથીજ બનાવવામાં આવી હોય છે, તેની શુદ્ધતા પર વિશેષ ધ્યાન આપવું આવશ્યક નથી તેમ તો કોઇ પણ નહિ કહી શકે !

સમર્થ વૈદ્યરાજોના રિપોર્ટના પાના ફેરવતાં આપણને જ્ઞાન થાય છે કે, અસ્વસ્થ પ્રકૃતિવાળાઓને માટે દુધજ આહારને માટે પથ્ય છે. દુધ પચવામાં હલકું હોવાથી મંદાગ્નિવાળી હોજરીને કંઈ સહન કરવું પડતું નથી. લથડતા શરીરને દુધ ઉત્તમ પોષણ આપે છે. અન્ય પદાર્થોમાં આથી વિપરિત જણાય છે. પચવામાં સમય લે છે, ઉગતા રોગાંકુરને મુળથી દ્રઢ કરે છે, ડાંભતા નથી, દુધ તો

બાળક, તંદુરસ્ત, માંદા, વૃદ્ધ, યુવાન પ્રત્યેકનું જીવન છે. ત્હેની શુદ્ધાશુદ્ધતા માટે ધ્યાન આપવું જેટલું આવશ્યક છે તેટલુંજ ત્હેની વૃદ્ધિ અર્થે ધ્યાન આપવું પણ ઘટે છે.

પ્રત્યેક મનુષ્યના સ્વભાવનું પૃથક્કરણ કરો. વાસ્તવમાં પદાર્થ માત્રનાં તત્વો તપાસો અને ત્હમને જણાશે કે સર્વ સૃષ્ટિ ત્રણ ગુણોમાં વ્હેંચાયલી છે.

સત્વ ગુણ, રજસ ગુણ, અને તમસ ગુણ.

સત્વ, રજસ કે તમસ, કોઇપણ સ્વભાવવાળો પ્રાણી પોતાના સ્વભાવને અનુકુળ આહાર વિહારાદિ રાખે છે. સમસ્ત વિશ્વ આ ત્રણ ગુણોમાંજ વ્હેંચાયેલું છે. પ્રકૃતિના આ સ્વભાવો છે, જ્યહાં સુધી પ્રકૃતિ નષ્ટ ના થાય ત્યહાં સુધી તેમાંનો એકેએક ગુણ હૈયાત છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે ત્હમે મ્હને ત્હમારા મિત્રો કોણ છે તે કહો અને હું ત્હમે પોતે કોણ છો તે કહીશ; પણ અહીં આપણે એ જાણી શકયા છીએ કે કેઇ પણ મનુષ્યના આહારાદિ આપણે જાણી શકીએ તો ત્હેના અને ત્હેના મિત્ર વર્ગના સ્વભાવો આપણે જલ્દી જાણી શકીએ. અરે એથી વિશેષ ત્હેમનું વાંચનાદિ પણ ત્હેવાજ ભાવોવાળું હોય છે. વિરૂદ્ધ ગુણવાળા મિત્રો, પુસ્તકો કે ખેલનો પણ તેઓને રૂચતાં નથી.

હિન્દુ ધર્મનાં વેદાદિ અતિ પ્રાચીન પુસ્તકો સાત્વિક

ભાવવાળાં છે. ઉક્ત પુસ્તકોના દૃષ્ટા કે પ્રણેતા ઋષિ મહર્ષિઓ પણ સાત્વિક વૃત્તિવાળા હતા. પુસ્તકો તો ત્હેના લેખકોનાં સંતાનો છે, સાત્વિક વૃત્તિવાળાં મનુષ્યોજ ત્હેવાં પુસ્તકોનું અધ્યયન કરી શકે–ત્હેના ઉદાત્ત ભાવો સ્હમજી શકે. અન્યને માટે તે અતિ મુશ્કેલ છે. ભક્તહૃદય ઉત્તમ ધાર્મિક પુસ્તકોનું પઠનપાઠન કરે છે, તદનુસાર વર્તે છે અને ત્રિવિધ આધિભૌતિક, આધીદૈવિક, આધ્યાત્મિક દુ:ખોદધીને તરે છે; આવાગમનાદિના ફેરા ટાળે છે, પ્રભુ પદ પ્રાપ્ત કરે છે.

સાત્વિક મન બનાવવાને જો કોઈપણ ઉપાય હોય તો તે એજ છે કે સત્વગુણી પદાર્થોનું સેવન કરવું. સત્ત્વ ગુણી પદાર્થોમાં ઉત્તમ વસ્તુ દુધ, ઘી વગેરે છે. દુધ, ઘીના સેવનથી મસ્તિષ્ક વધારે શુદ્ધ રહેવા પામે છે અને તેથી વિચાર શકિત વધારે બલવતી અને તિવ્ર થવા પામે છે, આથી કરી મનુષ્યો પ્રાણાયામાદિ યોગની ક્રિયાઓ કરવાને સમર્થ થઇ શકે છે.

ઉપનીષદ્‌ની કથાઓ, મહાભારતની વાતો, અને બ્રાહ્મણાદિની ગાથાઓનાં પાનાં ફેરવતાં આપણે જ્ઞાત થઇએ છીએ કે ઋષિ મહર્ષિનાં આશ્રમો જંગલમાં હતાં. પોતાની સાથે ઉત્તમ ધેનુઓ રાખતા હતા. સર્વ રસો તેમને ત્યાં પ્રાપ્ત હતા. મીઠાં જંગલનાં ફળો, ગળ્યાં સાકર જેવાં દુધ, શુદ્ધ ઘી, મજાનું માખણ-બસ સર્વ વસ્તુઓ

તેમને પ્રાપ્ત હતી. દિવસના અશાઢ કલાકોનો ભોગ આજની માફક તેમને ઉદર પોષણુને માટે આપવો પડતો નહોતો. આત્મોન્નતિની ચર્ચા તેઓ સદા કરતા. અહો પ્રભુ આસકત જનો! ધન્ય તમારી જીવન મીઠાશ! તત્વ જ્ઞાનનાં ઉંડા રહસ્યોવાળા ઉપનીષદો, ષડ્ દર્શન, અંગઉપાંગાદિ સદ્ ગ્રન્થો આપણુને તેઓ આપતા ગયા છે કે જે દ્વારા અનેક મનુષ્યો નિજ જીવનને ધન્ય કરી રહ્યા છે. ઉકત કથનમાં બહોળું સત્ય છે. ગાયોના દુધમાં વિશેષ દિવ્યતા રહેલી છે. તે બલ આપે છે, શરીરને સ્ફુર્તિમાં રાખે છે. હજી પણુ જો ગાયોનું પાલન પૂર્વવત્ થાય તો આપણે પણુ તે સર્વ પ્રાપ્ત કરી શકીએ. તે વખતે સર્વ જંગલો ગાયોને ચરવા માટે ખુલ્લાં હતાં. ગાયોને ત્યાં ચરતી કોઈ પણુ અટકાવી શકતું ન હતું. હવે આપણે કલિયુગની શરૂઆત જોઇએ.

કલીયુગના પ્રારંભમાં શ્રીકૃષ્ણુ મહારાજનું આગમન થયું એ સમયે ગાયોનાં પાલનાદિની પ્રણાલીમાં કંઇક પરિવર્તન થઇ ગયું હતું. ત્હેના સુધારાર્થે શ્રીકૃષ્ણુ ચંદ્રે બાલ્યાવસ્થાથી બોધ આપવો શરૂ કર્યો. તે બોધ શુષ્ક નહોતો. પોતે ગાયોના રક્ષણુમાં સદા પ્રવૃત્ત રહેતા. ગાયોને ચારવા જતા. એક સમયે બલભદ્ર અને શ્રીકૃષ્ણુ બન્ને ગાયો ચારી જંગલમાંથી પાછા આવતા હતા. આજે નગર વાસીઓને બહુ આનન્દ નિમગ્ન જોયા. બાલક શ્રીકૃષ્ણે કેટલાક વૃધ્ધ ગોપોને ત્હેમના આનન્દનું કારણુ પુછયું.

વૃદ્ધ ગોપાલોએ કહ્યું, કાલે સર્વ ગોપ મંડળ ઇંદ્ર પુજા કરશે. કાલનો દિવસ ધન્ય છે. અતએવ ઉત્સવ સંબંધી કાર્યમાં સહુ ગોપો પ્રવૃત્ત થયા છે. પશ્ચાત્ શ્રીકૃષ્ણે પુછયું કે ઇંદ્ર પુજાથી કયો લાભ થાય છે? ત્યારે વૃદ્ધ ગોપોએ નિવેદન કર્યું કે, ઇંદ્ર નામનો યજ્ઞ કરવાથી ઇંદ્રિ પ્રસન્ન થાય છે, વર્ષાદ બહોળો થાય છે, અનાજ ઢગલે ઢગલા પાકે છે, કોઈપણ મનુષ્યોના ચિત્ત ત્યહારે વ્યગ્ર રહેતાં નથી. શ્રીકૃષ્ણે કહ્યું, વસ્તુ સ્થિતિ એમ નથી. કર્માનુકુલ ફળની પ્રાપ્તિ હોવી ઇશ્વરીય નિયમ છે. કર્મ કર્યા વિના ઇંદ્ર ફલ આપે, એ ત્હેની સત્તાની બહાર છે. અતએવ જે કંઇ સુખ દુખાદિ ત્હમે ભોગવો છો તે માત્ર તમારાં કર્મનાં ફલો છે. હવે ત્હમે ઇંદ્ર યજ્ઞને તજી ગિરિ યજ્ઞ કરો. વર્ષા થશે, પ્હાડાદિ સ્થાનોમાં ઘાસ પુષ્કળ ઉગશે, ગાયોના ચારાને માટે કશી ચિન્તા નહિ રહે, દુધ, ઘીની વૃદ્ધિ થશે શ્રીકૃષ્ણના ઉકત કથનનો સર્વેએ સ્વિકાર કર્યો. ઇંદ્ર યજ્ઞને ત્યાગી પ્રથમ (પડવો) કાર્તિકને દહાડે ગિરિ યજ્ઞને માટે ગોવર્ધન પર્વત ઉપર સર્વ પુર જનો પૂજનની સામગ્રી લઈ ગયા અને પ્રેમપૂર્વક પૂજા કરી, પોતપોતાને ઘેર પાછા આવ્યા. આ પુજાને અન્નકોટ ઉત્સવ કહે છે. અર્થાત્ અન્નકોટનો પ્રારંભ તે દિવસે થયો. ઇંદ્ર આ સમાચાર સાંભળી ક્રોધિત થયો અને સર્વ મેઘોને અતિ વૃષ્ટિ કરવાની આજ્ઞા આપી. જ્યહારે ઘોર વૃષ્ટિ થવા લાગી ત્યારે

લોકો ગભરાઇને શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ સર્વ નાગરીકોને લઇ ગોવર્ધન પાસે આવ્યા. પર્વતને શ્રીકૃષ્ણે અંગુલ્લીપર ધર્યો અને સર્વ લોકોનું રક્ષણ કર્યું! સાત દિવસ સુધી વૃષ્ટિ થયા કરી. આઠમે દિવસે આકાશ સ્વચ્છ જણાયું. લોકો સહુ સહુને ઘેર ગયા. અને ફરી અષ્ટમી શુકલ પક્ષને દહાડે ઉત્સવ શરૂ કર્યો. આ ઉત્સવનું નામ ગોપાષ્ટમી છે. આ સમાચાર ભારતવર્ષના પ્રત્યેક દેશ દેશાન્તરમાં ફરી વળ્યા અને પ્રાયઃ સમસ્ત મનુષ્યના અંતઃકરણમાં ગૌ સેવાની રૂચી વૃધ્ધિગત થઇ નંદાદિ સર્વ લોકો ગાયોના પરિપાલનમાં વિશેષ ઉત્સાહથી કામ કરવા લાગ્યા. અને પ્રત્યેક સ્થળમાં ઉપરોકત બે ઉત્સવો ઉજવવા લાગ્યા જંગલ તથા પહાડોની રક્ષ થવા લાગી. મહાભારતના યુધ્ધ પછી મહારાજ યુધિષ્ઠિર રાજ્યાસન પર આવ્યા તે સમયે શ્રીકૃષ્ણની સલાહથી ભારતવર્ષના નગર નગરમાં ગૌચર જમીન રાખવાનું નિયત કર્યું હતું. અને જંગલમાં ગાયોને ચરવાની મોકળ હતી ઉકત કાર્યોથી કોઇ પણ મનુષ્યને ગાયોના આહારાર્થે ધન વ્યય કરવાની કશી આવશ્યકતા નહોતી, ઘાસ ચારાની લીલા લહેર હતી. ગાયો વીડીઓમાં ઉભાં ખડ ખાતી હતી. તે વખતે વીડીઓના ઇજારા અપાતા નહોતા. શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજનું સ્વર્ગારોહણ મહારાજા યુધિષ્ઠિરના ગાદીપતી થયા પછીના છત્રીશમાં વર્ષમાં થયું હતું જહેને ૪૩૨૬ વર્ષ થયાં છે.

ગોચર તથ જંગલોની પૂર્ણ આબાદાનીથી ભારતની દશા ઉન્નત થઇ. ઘણા સમય પછી જમાનો બદલાયો. ઇ. સ. ૧૫૫૬માં જ્યારે દીલ્હીની ગાદી ઉપર અકબર બાદશાહ આવ્યો ત્યારે તેના સમયમાં હિંદુસ્તાનની અંદર માપણીનું કામ શરૂ થયું, ને બધાં ગામો તથા શહેરો મપાવા લાગ્યાં તે સમયે શ્રીમાન બીરબલ કે જેઓ ભારતવર્ષના પૂર્ણ આચાર વિચાર જાણતા હત તેઓએ ઉપરની ગોચર જમીન તથ જંગલોની દશા જે પ્રકારે પ્રાચીન કાલથી ચાલી આવતી હતી તે પ્રમાણે રાખી કામ શરૂ કર્યું ને તેજ માન્ય રાખ્યું

તે ઉપરાંત એ પણ કાયદો પસાર કરવામાં આવ્યો કે, કોઇએ ગોવધ કરવો નહીં જેથી ગૌરક્ષા પૂર્ણ રીતે થઇ ને હિંદુઓના અંતઃકરણમાં ધાર્મિક બલ પણ પુર્વોક્ત પ્રમાણે જળવાઇ રહ્યું.

રેલવે ગાડી શરૂ થયા પહેલાં લખી આદી અનેક વણઝારા લાખો બળદો રાખતા, ને તેની ઉપર અનાજ વગેરે લાદી એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં લઇ જવા આવવાનું કામ કરત હતા. અર્થાત આખા દેશમાં ભાર બોજનું કામ બળદો કરતા હતા તે સમયમાં અનાજની અધિકતા હતી. ને તે શા કારણથી હતી તે કોઇથી અજાણ્યું નથી. સર્વને તે વિદિત છે કે એ ગૌરક્ષાને લીધેજ હતી.

ભારતવર્ષના પ્રથમ ગવર્નર જનરલ શ્રીમાન માનનીય

લૉર્ડ હેસ્ટીંગ્સ સાહેબ ઈ. સ. ૧૭૭૪થી ૧૭૮૫ સુધી વિરાજમાન હતા તેના સમયમાં મુંબઈ ઈલાકાના બધા વિભાગોમાં ઉનાળાની રૂતુમાં પાણીને બદલે દુધનાં પરબો હતાં. મુસાફર તથા પથીકોને તૃષા નિવારવા અર્થે પાણીને બદલે દુધ આપવામાં આવતું હતું. આથી ખુલ્લું સ્પષ્ટ થાય છે કે એ સમયમાં દેશની ઘણીજ સારી સ્થિતિ હતી.

શ્રીમાન માનનીય ગવરનર જનરલ લૉર્ડ ડલહૌસી સાહેબનાજ સમયમાં સન ૧૮૫૩માં હિંદુસ્તાનની અંદર રેલવે, ડાક, પોસ્ટેજ, નહેર ઈત્યાદિ શરૂ થયાં ને તે સમયથીજ આપણા દેશમાં વેપાર, મુસાફરી ઈત્યાદિ રેલવેથી શરૂ થયાં. રેલવે શરૂ થયા પછી વણજારાઓ કે જેઓ બળદ દ્વારા અનાજ ઇત્યાદિ લઈ જવા લાવવાનું કામ કરતા હતા તે ધીમે ધીમે બંધ થતા ગયા ને ટૂંક સમયમાં પૂર્ણ રીતે તેનો અભાવ થયો રેલવેને શરૂ થયાં ૬૦ વર્ષ થયાં. બળદ દ્વારા કામ થતું હતું તે પણ બંધ થયું, તો બળદોની કીંમત ઓછી થવી જોઇએ, પણ તેમ ન થતાં કીંમત વધતી ગઇ. હજી દિન પ્રતિદિન તેની કીંમત વધે છે. આથી આપણને સ્પષ્ટ જણાય છે કે ભવિષ્યમાં બળદો મોંઘી કીમતને લીધે મળવા પણ દુર્લભ થશે, ને ભારતીય કૃષી-કારોને બળદો ખેતી અર્થે ન મળી શકવાથી ભવિષ્યમાં ખરેખર આપત્તિમાં ઉતરવું પડશે.

દુધ તથા ઘીની ઉપજ દિન પ્રતિદિન વર્ષે વર્ષે ઓછી

થતી જાય છે. જેઓની ઉમર ૬૦ વર્ષની હોય તેઓ જો તપાસ કરવા ચાહુશે તો જાણી શકશે કે ૫૦ વર્ષ પહેલાં ત્રણ શેર ઘી ૧ રૂપીએ મલી શકતું હતું. પંજાબ પ્રાંતના એગ્રીકલ્ચર રીપોર્ટ પરથી માલુમ પડી શકે છે કે સન ૧૮૮૫–૧૮૮૬માં ઉંચામાં ઉંચા ઘીનો ભાવ મણ ૧ નો રૂા. ૩૫ાાા હતો. અર્થાત તે ભાવે મલી શકતું હતું. તેજ ઘી આજે ૧ મણના ૫૬) રૂ. લેખે, ૧ રૂ. નું ૦ાાા શેર મલી શકે છે.

આટલાજ વર્ષમાં ઘીની આટલી ન્યુનતા થઇ ગઇ તો ભવિષ્યના ૨૫ વર્ષમાં જો આજ પ્રમાણે ઘટતી રહે તો જરૂર ૨ રૂ નું તોલો ઘી સ્વતઃ થઇ જશે. લાંબા કાળે ઘીનો એટલો બધો અભાવ (તંગી) થઇ જશે કે ભવિષ્યની પ્રજા કહેશે કે અમારા વૃદ્ધો ઘીનાં મોટાં ભોજન કરતા હતા.

ઘીની તંગીનાં કારણોથી ઘીથી બનતાં ઉત્તમ ભોજનો મીઠાઈ આદિ પદાર્થો કે જે આપણા દેશમાં બનાવવામાં આવે છે, તે પણ બંધ થશે. અથવા શુદ્ધ ઘીની મીઠાઇનો અભાવ થશે એ તો નિસંદેહ સત્ય છે.

શુદ્ધ ઘી તથા દુધવાળા પૌષ્ટિક ભોજનથી મગજશક્તિ વિશેષ સતેજ રહે છે એ તો સર્વને અનુભવસિદ્ધ છે. મગજ શક્તિ કે જેના ઉપર વિદ્યા પઠન, પાઠન, ઇત્યાદિનો આધાર છે તે મગજને પૌષ્ટિક ભોજનથી પોષણ નહિ મલતાં પરિણામ શું આવશે તે વિચારો.

વિદ્યા પઠન પાઠન ઇત્યાદિ બંધ થશે, અટકી પડશે, વિદ્વાન નહિ રહે. વર્તમાન કાલની મોટી મોટી કૉલેજો, વિદ્યાલયો, હાઇસ્કૂલો નિરર્થક થશે.

વિદ્યા, બુદ્ધિ ને જ્ઞાન દેશને છોડી સ્વર્ગ તરફ પ્રયાણ કરશે. અવિદ્યા સ્વપ્રબલ પ્રતાપથી મનુષ્યો ઉપર પોતાનો પૂર્ણ પ્રભાવ જમાવી કઈ દિશા તરફ દોરશે તે સ્વયં સર્વ કોઈ સમજી શકશે.

હિંદુસ્તાનમાં રહેતા હિંદુ, મુસલમાન, પારસી, ક્રિશ્ચિયન ઇત્યાદિ સર્વ ઉત્સવ, મહોત્સવ, વિવાહ, જલસા ઇત્યાદિ દરેક પ્રસંગોમાં મીઠાઇનો બહોળો વ્યય કરે છે. મીઠાઇને ખાવા ખવરાવવામાં સર્વ આનંદ માને છે તે આનંદ ઉપરનાં કારણોને લીધે (મીઠાઇની અછતથી) નષ્ટ થશે.

ડાકટરોના વિચારાનુસાર રોગી મનુષ્યોને દુધના ખોરાકથી લાભ થાય છે તે લાભ દુધની તંગીને લીધે ન થતાં વિશેષ કલેશ અનુભવવો પડશે. જેથી દેશનાં મનુષ્યોને ભારે હાની થશે. પ્રાણાયામ, ધારણા, ધ્યાન, સમાધી, કે કર્મ જે મગજશક્તિની વિશેષતાથી થઈ શકે છે તે મગજ શકિતને દુધ તથા ઘીવાળાં ભોજનથી પુષ્ટિ ન મળતાં સ્વતઃ અભાવ થશે. ને જો વિશેષ વધી જોશું તો જણાશે કે તે ક્રિયાઓનો અભાવ શરૂ થઇ ચુકયો છે ને જ્યારે દેશમાં દુધ તથા ઘીનો અભાવ થશે ત્યારે સદાને માટે તે ક્રિયાઓ સ્વર્ગમાં રહી અખંડ આનંદ કરશે.

ઉપર બતાવેલી દરેક આપત્તિમાંથી છુટવા માટે માત્ર ઘી તથા દુધની દેશમાં વૃધ્ધિ કરવી એજ ઉપાય છે. ને તે કામ હજુ સુધી આપણા દેશમાં શરૂ થયું નથી અથવા તે સંબંધી કાંઇજ થયું નથી કે જેથી ભવિષ્યની આપત્તિ-માંથી મુકત રહી શકીએ.

દેશની ગૌશાળા કે જે પ્રત્યેક ભાગોમાં ચાલુ છે તેનો ઉદ્દેશ ગૌવૃધ્ધિ ને પશુઓની રક્ષા માત્ર છે. તેમજ કોઇ એકજ ઉદ્દેશને વળગી સંતુષ્ટ ન થતાં ઉદ્દેશ તથા નિયમમાં પણ યોગ્ય ફેરફારો (reforms) કરવા જોઇએ. જેવા કે દુધ તથા ઘીની વૃધ્ધિને માટે તેવાં કર્મ કરવાં જોઇએ, ત્યારેજ દેશનું સાચું કલ્યાણ થશે, નહિતો નહિજ; માટે ગૌશાળાઓની સાથે (Diary forms) ડેરી ફોર્મસ ઇત્યાદી સ્થાપવું જોઇએ કે જેથી દુધ લોકોને ક્રમે ક્રમે સારૂં મલી શકે.

કેટલાક બંધુઓનું એમ પણ માનવું હશે કે અમુક અમુક વસ્તુની શુધ્ધિ યા મિશ્રિતતાથી શુધ્ધ ઘી બનાવી શકશે. ને ઘીના જેવુંજ અસલ તત્વ પ્રગટશે. જેથી કરીને ભવિષ્યની મુશ્કેલીઓ ટાળી દઈશું. પણ આ વિષય ઉપર વિચાર કરતાં જણાય છે કે ઇશ્વર કૃત (Natural) ને મનુષ્ય કૃત (Artificial) માં ભારે ભેદ છે. તે ભેદ હમેશાને માટે રહ્યો છે ને રહેશે. કદી તે એક થઇ શકશે

નહિ. એથી એ પણ સિદ્ધજ છે કે ઇશ્વર કૃત ને મનુષ્ય કૃત વસ્તુઓના ગુણોમાં અવશ્ય ભેદ છે ને રહેશેજ.

ગાયોથી શું લાભ થાય છે તે હિંદુસ્તાનના દરેકે દરેક મનુષ્ય બરોબર સમજી શકે છે તેથી તેના ઉપર વિશેષ વિવેચન કરવું જરૂરનું નથી.

ઘી તથા દુધની વિશેષતાના વિષય પર વિચાર કરતાં જણાય છે કે પ્રથમ દેશની અંદર ગોચર તથા જંગલો રાખવાની ખાસ વિધિ (રૂઢી) હતી. ગાયો તથા ભેંસોની પુષ્કળ છત હતી. ને ગ્રામવાસી દરેકે દરેક શ્રધ્ધા પુર્વક ગાય ભેંસ ઇત્યાદિ પશુઓ રાખતાં હતાં, કારણકે પશુઓને માટે ચારા ઈત્યાદિ વાસ્તે દ્રવ્ય વ્યયની જરૂર નહોતી. જંગલોમાં પુર્ણ અહાર મળવાથી ગાયો ભેંસો પુષ્કળ દુધ દેતી હતી. ઘી વિશેષ થતું હતું. નગરવાસીઓ ઘીને વેચતાં હતાં. આ સર્વ કારણોથી દેશની અંદર ઘીની તથા દુધની વિશેષતા હમેશને માટે રહેતી હતી. પણ આજકાલ પ્રાચીન ગોચર જમીન (Pasture lands) કે જે ગાયો તથા ભેંસોને માટેજ (free permanmently) રાખવામાં આવતી હતી તે જમીનમાં આજે ખેતી થઇ. ને જંગલો કપાઈ ગયાં ને બાકીનું જંગલ (reserved) રખાત છે. કહેવાનો અર્થ એ છે કે ગોચર જમીન તથા જંગલો નહિ રહેવાના કારણથી ઘાસની તંગી થઇ ગઇ.

જેથી ગાયો ભેંસોને પુર્ણ અહાર મળી શકતો નથી. ગ્રામ- વાસીઓ પશુઓના અહાર (ઘાસ) પુર્ણ કરવા માટે અશક્તિમાન થવા લાગ્યા. ધીમે ધીમે ઘાસની ખરીદ કરવાની જરૂર પડી. દુધની ઉપજના કરતાં ખર્ચ બમણું થવા લાગ્યું. અહાર (ઘાસ)ની તંગીને લીધે ઘેર ઘેર જે પશુનું પાલન થતું હતું તે અટકયું. અહારની તંગીને લીધે દુધ ઓછું મળવા લાગ્યું. ઘી થોડું થવા માંડયું. નગર- વાસીઓ ઘીની તંગીને લીધે વેચવા અસમર્થ થયા. ઇત્યાદિ કારણોથી દેશની અંદર દિન પ્રતિદિન દુધ તથા ઘીની ન્યુનતા થવા માંડી.

ગોચર જમીન તથા જંગલોની પ્રબંધતાના અભાવેજ ઘી તથા દુધની તંગી થઇ.

આપણા દેશની બધી ગૌશાળાઓ લવાજમ (subs- cription)થીજ ચાલે છે અથવા જનસમાજની દયાવૃત્તિ ઉપરજ આધાર રાખે છે તે વૃત્તિ આજે દિન પ્રતિદિન ઘટતી જાય છે. ગોશાળાઓનું ખર્ચ ઘાસ ચારા, કણ ઈત્યાદિ ખરીદવાથી વધતું જાય છે. આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે દરેક ગૌશાલાની સાથે ગૌશાલાનું ખર્ચ ઉપાડી શકે તેટલી ગોધન તરીકે ગોચર જગ્યા તથા જંગલોની પ્રબંધતા હોવાની જરૂર છે. પણ તે નહીં હોવાથી ભવિષ્યમાં કાયમ રહી શકે એ અતિ દુર્ઘટ છે.

ઉપરની બધી બાબતોનો વિચાર કરતાં સિદ્ધ થાય છે

કે આખા દેશની સ્થિતિ સુધારવા અર્થે ગોચર જમીન તથા જંગલોની પ્રબન્ધતાની જરૂર છે. જ્યાંસુધી પ્રાચીન પ્રણાલી અનુસાર ભારતના દરેકે દરેક નગર તથા ગ્રામની અંદર ગોચર જમીનાદિ નહિ થાય ત્યાં સુધી આપણા દેશની ઉન્નતિ થવી તદ્દન અશકય છે. ઇત્યોમ્.

ઉત્તરાર્ધ.

ભારતવર્ષના અનેક વિચારવંત પુરૂષો આ પ્રકારની ઉન્નતિ માટે પ્રયત્ન કરી રહ્યા છે સન ૧૯૧૧માં પંજાબ પ્રાંતમાં મેં પંજાબ પ્રાંતના સમસ્ત પ્રતિષ્ટિત મહંત પીંડોરી, ધ્યાનપુર, ગુમટાર, દંતારપુર, કસુર, લાહોર, અમૃતસર, ઝંગ, શોરકુટ, ગુજરાનવાલા, વઝીરાબાદ, રાવલપીંડી, નાભા પતિયાલા, નાહન, જગાદરો, આદિની સંમત્યનુસાર વૈષ્ણવ મહા સભા પંજાબ લાહોરમાં સ્થાપિત કરી વાર્ષિકોત્સવ પણ મોટી ધામધુમથી કર્યો. જેમાં તે પ્રાંતના સર્વ સંત મહંત પધાર્યા હતા, અને ઉત્સવ પૂર્ણ આનંદથી ઉજવાયો હતો.

નવેમ્બર ૧૯૧૨માં ઉપરની સભાના કાર્યને માટે હું મુલતાન શાહેરમાં ગયો હતો. તે કાર્ય કર્યાં પછી મારા અંતરાત્મમાં દૂધ તથા ઘીના કાર્ય સંબંધીની સહજ સ્ફુરણા થઇ. ને તે કાર્ય કરવા ઉત્સુક થયો. ત્યારે તે શાહેરના પ્રધાન રહીશ શ્રીમાન માનનીય ઓનરેબલ રાવ બહાદુર લાલા હરિચંદજી સાહેબ વકીલ

તથા અન્ય કૈં ભદ્ર પુરૂષો પ્રતિ મેં પોતાની અભિલાષા પ્રગટ કરવાથી ઉભય લોકોએ સંમતિ દીધી કે:—"એ કાર્ય ઉત્તમ છે પણ લાહોર, પંજાબ હિંદુ સભાની સંમતિ અનુસાર જ્યારે કાર્ય થશે ત્યારે વિશેષ સારૂં કરી શકાશે." થોડા દિવસ પછી હું લાહોર પાછો ગયો ને ત્યાં એક વિશાળ લેખ દુધ ઘીના સંબંધી તૈયાર કરી લાહોર, પંજાબ હિંદુ સભાના મંત્રી શ્રીમાન લાલા ગોપાલચંદજી સાહેબ બી. એ. એલ. એલ બી, વકીલ ચીફકોર્ટ પંજાબને તા ૨ લી જાન્યુઆરી ૧૯૧૩માં જોવા મોકલી આપ્યો. તે રીપોર્ટ તેઓશ્રીને મળ્યા પછી ઉક્ત સભા તરફથી એક સબ કમીટી નીમવામાં આવી. જેમાં શ્રીમાન માનનીય ઓનરેબલ રાવ બહાદુર બક્ષી સોહનલાલ વકીલ ચીફ કોર્ટ પંજાબ, તથા શ્રીમાન ડાકટર જગન્નાથ એલ એમ. એન્ડ એસ., રીટાયર ચીફ મેડીકલ ઓફીસર જંબુ, કશ્મીર સ્ટેટ, આદી પાંચ મહાનુભાવ મેમ્બર હતા. અને ઉક્ત રીપોર્ટ બરાબર તપાસ્યા બાદ તેઓ તેને અનુકુલ થયા.

૨. પંજાબ ગવર્નમેન્ટે દુધ, ઘીની ન્યુનતાના કારણ વિષે તપાસ કરવા માટે પોતાના તરફથી એક ઓફીસર નીમ્યા. તે ઓફીસરે પંજાબમાં દરેક સ્થળે ફરી ફરી તપાસ કરીને પોતાનો રીપોર્ટ ગવર્નમેન્ટને મોકલી આપ્યો. એ રીપોર્ટમાં પણ દુધ, ઘીની ન્યુનતાના

કુરણને માટે ગોચર જમીનની ખોડ બતાવવામાં આવી હતી. તે કારણોને લઈ પંજાબ ગવર્નમેન્ટનું પણ ધ્યાન કાંઇક ગોચર જમીનાદિ માટે ખેંચાયું છે. ત્યાર પછી લાહોર, પંજાબ હિંદુ સભાના વાઈસ પ્રેસીડેન્ટે શ્રીમાન માનનીય ઓનરેબલ રાવ બહાદુર લાલા રામશરણદાસે તા. ૧૩ મી માર્ચ ૧૯૧૩માં પંજાબ લેજીસ્લેટીવ કૌન્સીલમાં એક પ્રશ્ન ગોચર જમીનની નવીન વ્યવસ્થા કરવા માટે ઉપસ્થિત કર્યો. કાઉન્સીલના વિચાર શ્રીમાન માન્યવર ઓનરેબલ એ. એચ. ડાયક સી. બી. એ. ફર્સ્ટ ફાઇનનશીઅલ કમીશનર, પંજાબ, એમણે પંદર કે વીશ હજાર એકર જમીન જીલ્લા મોન્ટઘુમરીમાં દેવાને સ્વિકાર્યું. એ સિવાય પંજાબ સરકાર તરફથી એક વિશાળ જમીન ગોચરને માટે હીસાર શહેરમાં પણ રાખવામાં આવી.

પંજાબ હિન્દુ સભા, લાહોરની એકઝીકયુટીવ કમીટી તા. ૨૭ માર્ચ ૧૯૧૩ના દિવસે થઇ જેમાં ઘી, દુધ સંબંધી રીપોર્ટ મુકવામાં આવ્યો. વિચાર કરતાં તે સભાના પ્રેસીડેન્ટ શ્રીમાન માન્યવર રા. બા. સર પ્રતુલચંદ્ર ચેટરજી નાઇટ, (Kt.) સી. આઇ. ઇ. એમ. એ, ડી. એલ., એલ. એલ. ડી., રીટાયર્ડ જજ ચીફ કોર્ટ પંજાબ, લાહોર, તેઓશ્રીએ પોતાની સંમતિ પ્રગટ કરી કે આ સભાના હિત માટે શ્રીમાન વાઇસરોય, મહોદય પંજાબ ગવર્નમેન્ટ, તથા ભારતીય સમગ્ર રાજા, મહા-

રાજા, નવાબોની સેવામાં પ્રત્યેક ગામોમાં ગોચર જમીન રાખવા માટે મેમોરીયલ મોકલવામાં આવે. તેમજ પ્રજા વર્ગમાં જાહેર ભાષણો દ્વારા એમ ઉપદેશવામાં આવે કે પ્રત્યેક મનુષ્ય પોતપોતાની શકિત અનુસાર ગાયો તથા ભેંસોના આહાર માટે ગોચર જમીન તથા જંગલોની પ્રબદ્ધતા કરે. ઉકત સંમતિ અનુસાર શ્રીમાન ઓનરેબલ રા. બા. લાલ શાદીલાલ એમ. એ, બી. સી. એલ., બારીસ્ટર એટ લૉ, વર્તમાન જજ ચીફ કોર્ટ પંજાબ, લાહોર તથા સમસ્ત સભાસદોની સંમતિ અનુકુળ થઇ ને તે સર્વ સંમતિ અનુસાર ઉપરના બંને નિયમો પાસ થયા.

પંજાબ હિંદુ સભા લાહોરમાં બંને નિયમો પસાર થયા પછી મેમોરીઅલ શ્રીમાન વાઇસરોય મહોદય, પંજાબ ગવર્નમેન્ટ તથા સમસ્ત રાજા મહારાજા, નવાબોની સેવામાં પ્રત્યેક સ્થાનોમાં ગોચર જમીન રાખવા માટે મોકલવામાં આવ્યાં એ શિવાય તે કામની પૂર્ણતા માટે એક ટ્રેકટ બુક ઇંગ્લીશ ભાષામાં છપાવી જેનું નામ "ધી સ્કેરસીટી ઓફ ઘી એન્ડ મીલ્ક" (The Scarcity of Ghee & Milk) રાખવામાં આવ્યું. તે પંજાબના પ્રત્યેક શહેરમાં પહોંચવામાં આવી.

પાંચમી પંજાબ હિંદુ કૉન્ફરન્સ જે ગયા વર્ષની ૭-૮ ડીસેમ્બર ૧૯૧૩માં ભરાણી હતી તેમાં પણ ગૌરક્ષા તથા ગોચર જમીન માટે વિવેચન કરવામાં આવ્યું

હતું. જેમાં મારા પ્રસ્તાવને પ્રતિષ્ઠિત જૈન સાધુ શ્રીમાન શ્રીમુની લક્ષ્મીગીરીજી મહારાજે અનુમોદન આપ્યું તથા શ્રીમાન માનનીય ઓનરેબલ બાબુ સુખબીરસિંહજી, મુજફ્ફરનગરનાએ સમર્થન કરવાથી તે બાબતો પાસ થઇ. પંજાબ હિંદુ કોનફરન્સ તરફથી ગયા વરસે હિન્દુ સભાના વિષય પ્રચાર અર્થે પંજાબના બધા શહેરમાં મને મોકલવામાં આવ્યો હતો. ઉક્ત વિષયના વ્યાખ્યાન બાદ ગોચર જમીન આદિ માટે પણ પંજાબના બધા શહેરોમાં ઉપદેશ કર્યો તદુપરાંત દેરાગાજીખાન, ઇત્યાદિ કેટલાક શહેરોમાં પણ નવિન હિન્દુ સભા કાયમ થઇ. ઉપરનાં કાર્યોથી પંજાબ પ્રાન્તના ધાર્મિક તથા ગૌભક્ત જનો ગોચર જમીનની આવશ્યકતાને પૂર્ણ રીતે સમજી તેની સિદ્ધિને માટે પણ યત્ન કરવા લાગ્યા. તે વખતે તપાસ કરતાં માલુમ પડયું કે શહેર હુશીઆરપુર, લુધીઆના, કરનાલ આદી ગૌશાળાના કાર્યવાહકો પોતાની ગૌશાળાને માટે ગોચર જમીનાદિ માટે જમીન ખરીદ કરી પ્રવૃત્તિ કરી ચુકયાં છે.

મોકલવામાં આવેલ મેમોરીઅલને પૂર્ણ રીતે સંમત થઇ વિશેષ ઉત્સાહિત બની ઉત્તર રીહાસત, દરભંગા, ભોપાલ, પતિયાલા, બનારસ, અજયગઢ, રાજકોટ, ધરમપુર, ધ્રાંગધ્રા, વડોદરા, જેપુર, છતરપુર, ધાર, જુંજીરા, કોટા, ઝબુવા ને ટીપારા તરફના પંજાબ હિન્દુ

સભા લાહોરને સમ્મત થયા એ કાર્યથી સર્વને વિદિત થાય છે કે પંજાબ પ્રાન્તીય તથા ઉક્ત રાજ્યોના મહાનુભાવોનું ધ્યાન ગોચર જમીનની પ્રાપ્તિને માટે આકર્ષ્યું છે.

સિંધ પ્રાન્ત પંજાબ પ્રાન્તની નજદીક છે પણ સિંધમાં ગોચર જમીનાદિના પ્રચારર્થે જરૂર જણાતાં તા. ૧૬–૮–૧૪ના રોજ હું કરાચી આવ્યો. અહીંના અનેક શ્રીમાન ગૃહસ્થોને મળતાં શ્રીમાન માનનીય શેઠ ગીધુમલ ફૂલેચંદે (કરાચીના રહીશ તથા મ્યુનીસીપાલ કમીશનરે) ઉત્તર આપતાં પોતનો વિચાર પ્રગટ કર્યો કે "કરાચી ઇન્ડિયન મરચંટ એસોસીએશનની સંમતી અનુસાર કાર્ય કરવાથી ઉત્તમ થશે." પછી તે સભાના પ્રેસીડેન્ટ શ્રીમાન માન્યવર શેઠ ગીધુમલ લેખરાજ (મ્યુનીસીપાલ કમીશનર)ને નિવેદન કર્યું. તેનો ઉત્તર મળ્યો કે "તા. ૬–૯–૧૪ના બાર વાગે સભાની કમીટી છે ત્યાં આવો તો વિચાર કરવામાં આવશે" મુકરર સમયે હું કમીટીમાં ગયો. સભાસદો પ્રતિ ઉપરના વિષય સંબંધે શ્રીમાન માન્યવર શેઠ આસનમલજી, શ્રીમાન માન્યવર શેઠ દ્વારકાપ્રસાદજી, શ્રીમાન માન્યવર શેઠ ધનામલજી, (મ્યુનીસીપલ કમીશનર) શ્રીમાન માન્યવર શેઠ રામજી પેથભાઇ (મંત્રી કરાચી મરચન્ટ એસોસીએશન) આદિ પ્રતિ નિવેદન કર્યું. તેમાં એ નિશ્ચય કરવામાં આવ્યો કે ગુજરાતી, ગુરૂમુખી ભાષામાં પુસ્તક છપાવી સિંધ દેશર

પ્રચાર કરવાર્થે વહેંચવામાં આવે કે જેથી લોકોનું ધ્યાન ગોચર જમીનને માટે ખેંચાય.

શાસ્ત્રી અથવા નાગરી ભાષામાં પુસ્તક છપાવી હિંદી જાણનારાઓને માટે પ્રગટ કરાવવાની જરૂર જાણી કલકત્તા, મુંબઇ, કરાચી મારવાડી સમુદાયના મુખી તથા તારાચંદ ઘનશ્યામદાસ પેઢીના અધિપતિ શ્રીમાન માન્યવર કૃષ્ણપ્રસાદજી પ્રતિ નિવેદન કર્યું. તેઓએ શ્રધ્ધા પૂર્વક ઉપરના કાર્યને સંમત થઇ બદ્રીદાસ મોહનલાલની પેઢીના અધિપતિ શ્રીમાન માન્યવર શેઠ મેહનલાલજી પ્રતિ પુસ્તક છપાવવાની આવશ્યકતા દર્શાવનારો પોતાનો અભિપ્રાય બતાવ્યો. ત્યાર પછી ઉક્ત શેઠ મોહનલાલજીને શ્રીમાન માન્યવર શેઠ જેતરામ કેદારનાથજી તથા શ્રીમાન માન્યવર શેઠ જાનકીદાસ બનારસીદાસની સંમતી મળતાં ઉક્ત ભાષામાં ૨૦૦૦ પુસ્તક છપાવવાને માટે આજ્ઞા કરવામાં આવી તે પછી અંગ્રેજી ભાષામાં પુસ્તક છપાવવાને માટે શ્રીમાન માનનીય શેઠ લોકામલ ચેલારામજી મ્યુનીસીપાલ કમિશનર, આનરરી માજીસ્ટ્રેટ, મંત્રી સનાતન ધર્મ સભા, તેમજ કરાચી મારવાડી સમુદાયના મુખી શ્રીમાન માનનીય શેઠ ગોવર્ધનદાસ મોતીલાલજીના સુયોગ્ય પુત્ર શ્રીયુત શેઠ શિવરતનજી તથા શ્રીમાન માનનીય મી. હિરદારામ બી. એ, એલ.એલ. બી, સીનીયર વકીલ કરાંચીની અનુમતીથી તે પણ પ્રેસમાં મોકલવામાં આવ્યું.

ભારત વર્ષમાં પ્રત્યેક ગામ તથા શહેરોમાં વિશાળ ગોચર જમીન હોવી જોઇએ, અને તેની સાથે પાણીને માટે નહેર યા કુવા બનાવવાની પણ જરૂર છે. જમીનમાં પાણી સીંચવાથી ઘાસની છત હમેશાં બની રહેશે જેથી ગ્રામવાસીઓને પોત પોતાની ગાયો આદિ પશુઓને ચરાવવાને માટે અનુકુળ થઇ પડશે જેથી ફરી આહારને માટે દ્રવ્ય વ્યયની જરૂર નહિ રહે કૃષીકારો ગાય ભેંસ વિશેષ પ્રમાણમાં રાખશે જેથી દુધ ઘીની વિશેષતા સ્વતઃ થશે ઉપરનાં કારણોથી ભારતીય વંશજોને ભવિષ્યમાં વિશેષ લાભ થશે. આપણા પૂર્વજો ગૌભક્ત હતા. તેઓ સર્વદા ગોચરને માટે કાળજી રાખતા હતા. વર્તમાન સમયમાં કંઇ કારણોથી તેની અવસ્થા નિકૃષ્ટ થઇ છે. આપણા પૂર્વજોની તે કીર્તિના સ્મરણાર્થે વર્તમાન ભારતીય સમસ્ત મનુષ્યો પર જવાબદારી રહે છે ભારતવર્ષનો એવો કોણ મનુષ્ય હોય કે જે પોતાના પિતૃઓના સ્મારકને પસંદ ના કરતો હોય કે તેની સિદ્ધિને માટે ધ્યાન ન દે. માટે મને પુર્ણ આશા છે કે દેશી સમસ્ત મનુષ્ય ઉપરના કાર્યને માટે ધ્યાન દેશે. અને પિતૃઓના સ્મારકને સ્થાયી રાખવા માટે સતત ઉદ્યોગ કરશે. એથી ગૌરક્ષા કરવાની શક્તિ પુર્ણ રૂપમાં થશે. અર્થાત ગૌરક્ષા સ્વભાવતઃ થવા માંડશે. ગૌરક્ષાની ઉત્તમ શૈલી આજ છે. ભારતવર્ષના સમસ્ત ગૌ-

" કાર્યવાહકોનું કર્તવ્ય છે કે પોતપોતાની ગૌશાળાને